R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૯

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-27 • ISSUE: 51/52 DATE: 29-12-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## પાંચ રાજ્યોની ચુંટણીમાં લોકોએ ભાજપ થી મુક્ત થવાની ઇચ્છા દર્શાવી : શિવસેના

મધ્ય પ્રદેશમાં ૧૫ વર્ષ પછી કોગ્રેસે સત્તા હાંસલ કરવામાં સફળ રહી છે.સામાન્ય રીતે શહેરી વિસ્તારના મતદારો ભાજપની તરફેણ કરતા રહ્યા છે.પરંતુ આ વખતે શહેરી મતદારોએ કોગ્રેસના હાથને સાથ આપતાં ભાજપને ભારે નુકશાન વેઠવું પડ્યું છે.અને ત્રણેય રાજ્યોમાં સત્તા ગુમાવવી પડી છે. હંમેશાની જેમ આ વખતે ગ્રામ્ય વિસ્તારના મતદારો અલગ-અલગ જુથમાં વહેચાયેલા નજરે પડ્યા છે.મધ્યપ્રદેશના પાટનગર ભોપાલની ૬ શહેરી સીટોમાં આ વખતે કોગ્રેસને ત્રણ બેઠકો મળી છે.



કોગ્રેસના વરિષ્ઠ નેતા પીસી શર્માએ ભાજપની સૌથી સલામત બેઠક ભોપાલ -દક્ષિણ પરથી જીત મેળવી છે.ગ્વાલિયરમાં પણ કોગ્રેસના પ્રમુખ પ્રધ્યુમનસિંહ તોમરે શિવરાજ સરકારના પ્રધાન જયભાનસિંહ પવૈયાને પરાજય આપ્યો છે.જ્યારે કોગ્રેસના લખનસિંહ યાદવે ભાજપના કદાવર નેતા અનુપ મિશ્રાને હરાવ્યા છે.જો કે ઈન્દોરની શહેરી સીટો પર કોગ્રેસનો જાદુ ચાલ્યો નથી.અને ૭ પૈકી પાંચ બેઠક પર ભાજપની જીત થઈ છે.બીજી તરફ માલવા-નિમાડની બેઠકો પર કોગ્રેસનું પ્રભુત્વ જોવા મળ્યું છે.જબલપુરની વિધાનસભા બેઠકો પર પણ ભાજપને હારનો સામનો કરવો પડ્યો છે.વિંધ્ય વિસ્તારમાં કોગ્રેસને મોટો ઝાટકો લાગ્યો છે.૨૦૧૩ થી ૨૦૧૮ સુધી વિધાનસભામાં વિપક્ષના નેતા રહેલા અજયસિંહ પોતાની સીટ બચાવી શક્યા નથી. અને લગભગ ૬૦૦૦ વોટોથી હારી ગયા છે.જો કે આ વિસ્તારમાં અન્યે ક્ષેત્રોમાં કોગ્રેસને સફળતા મળી છે.

બીજી તરફ રાજસ્થાનમાં આ વખતે ધારણા કરતાં ઓછી મહિલાઓ વિધાનસભામાં પહોચી શકી છે.કુલ મળીને ૨ ૨ મહીલાઓ આ વખતે ચુંટાઈ છે.જ્યારે ૨૦૧૩માં ૨૮ મહિલાઓ ચુંટાઈ હતી.

ભાજપના સાથી પક્ષ શિવસેનાએ આકરા પ્રહારો કરતાં અને કટાક્ષ કરતાં પોતાના મુખપત્ર સામના માં કહ્યુ હતું કે વિધાનસભા ચુંટણીમાં લોકોએ ભાજપ મુક્ત થવાની ઈચ્છા દર્શાવી છે. તેમણે કહ્યુ હતું કે જે લોકો હવામાં ઉડી રહ્યા હતા તેઓને હવે નીચે ધરા પર આવી ગયા છે.

ભાજપ અને વડાપ્રધાન મોદી પ્રહારો કરતાં લખ્યું હતું કે વડાપ્રધાન મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ધરતી પર આવી ગયા છે. અને રાહુલ ગાંધી મેરીટ લિસ્ટમાં ચમકવા લાગ્યા છે.સામનામાં લખાયું છે કે મોદીનો ઉદય તથા ભાજપની વિજય યાત્રા જે રાજ્યોથી શરુ થઈ હતી ત્યાં જ ભાજપના રથના પૈડાં ફસાયા છે. હવે નરેન્દ્ મોદી વડાપ્રધાન છે ત્યારે જ ચાર રાજ્યોમાં ભાજપને જોરદાર આંચકો લાગ્યો છે. તેમાંથી છત્તીસગઢ,મધ્યપ્રદેશ, રાજસ્થાન તો ભાજપના ગઢ હતા અને તેમાં તિરાડ પડશે એવું કોઈએ વિચાર્યું નહોતું.

સામનામાં લખ્યું છે કે ભાજપાએ પ્રથમ તો મિત્રોને ભગાડ્યા અને હવે મહત્વપુર્ણ રાજયો ગુમાવ્યા છે.ગપ્પા મારીને હંમેશા જીતી ના શકાય.રાજસ્થાન,મધ્યપ્રદેશમાં ખેડુતો મુશ્કેલીમાં છે. તેમના પર ગોળીઓ વરસાવવા માટે મધ્યપ્રદેશના મુખ્યમંત્રીએ માંફી માંગી પણ ખેડુતોએ તેનો બદલો મતપેટી દ્વારા લીધો છે.

નોટબંધી જેવા નિર્ણયથી અર્થવ્યવસ્થા હચમચી ગઈ.રોજગારી ગઈ અને

## મધ્યપ્રદેશ,છત્તીસગઢ અને રાજસ્થાનમાં કોગ્રેસના મુખ્યમંત્રીઓએ શપથ લીધા બાદ કોગ્રેસે ખેડુતોના દેવા માફ અંગે ચુંટણી વચન તાત્કાલિક અસરથી પાળી બતાવ્યું

કોગ્રેસ પક્ષ માટે એક સાથે એક જ દિવસમાં ત્રણ મુખ્યમંત્રીઓ શપથ લે તેવો અવસર આવ્યો હતો.સવારમાં રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે શપથ લીધા તેમની સાથે નાયબ મુખ્યમંત્રી તરીકે સચિન પાયલોટે શપથ લીધા હતા.બપોરે મધ્યપ્રદેશમાં કમલનાથે શપથ લીધા હતા અને સાંજે છત્તીસગઢમાં ભુપેશ બુઘેલ અને મંત્રી તરીકે ટીએસ સિંઘદેવ અને તામ્રધ્વજ સાહુએ પણ શપથ લીધા હતા.

કોગ્રેસે વિધાનસભા ચુંટણીમાં આપેલું વચન પાળી બતાવ્યું છે. મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ખેડુતોનું કરજ માફ કરવાનો નિર્ણય લેવાયો છે.મધ્યપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લીધાના બે કલાકમાં જ કમલનાથે રાજ્યના ખેડુતોને આપેલું વચન પાળી બતાવ્યું હતું અને દવું માફ કરવાના આદેશ પર હસ્તાક્ષર કર્ય ાહતા.આ ઉપરાંત તેમણે અનાજના લઘુત્તમ ટેકાના પ્રતિ ક્વિન્ટલ રુપીયા ૨૫૦૦ કર્યા હતા.ખેડુતોનું રુપીયા ૨ લાખનું દેવું માફ કરી દીધું હતું.તેમણે આ ઉપરાંત કન્યાદાન યોજનાની ધનરાશિ ૨૮ હજારથી વધારીને રુપીયા ૫૧ હજાર કરી હતી. તેમજ ઊધોગો સ્થાનિક ૭૦ ટકા લોકોને નોકરી આપે તોજ સબસીડી મળે તેવો આદેશ જારી કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે પાંચ રાજ્યોની વિધાનસભાની ચુંટણીમાં મધ્યપ્રદેશ,રાજસ્થાન અને છત્તીસગઢમાં કોગ્રેસે ખેડુતોના દેવા માંફીનું વચન આપ્યુ હતું તે સરકાર રચાતાં જ પુરુ કરવામાં આવ્યું છે.

## રફાલ ચુકાદો : વિપક્ષથી બચવા માટે કેન્દ્ર સરકાર ફરીથી સુપ્રીમના સહારે

રફાલ ડીલમાં સરકારને ક્લીન ચીટ આપેલ છે તેવા ચુકાદા અંગે ચાલી રહેલ રાજકીય ગરમાગરમી વચ્ચે કેન્દ્ર સરકારે તેના ચુકાદાના એક પેરેગ્રાફમાં ‘તથ્યાત્મક ભુલ’ બદલ સુપ્રીમ કોર્ટનો સંપર્ક સાધ્યો છે.સરકારે તેના આદેશમાં આ મુજબ યોગ્ય સુધારાની પણ માંગણી કરી છે.સુપ્રીમે તેના ચુકાદામાં કહ્યુ હતું કે રફાલના ભાવ અંગે જોડાયેલી માહિતી કેગને શેર કરાઈ છે અને પબ્લિક એકાઉન્ટસ કમિટી(પીએસી)એ તેની ચકાસણી કરી લીધી છે.જો કે સુપ્રીમને એવું જણાવાયું હતુ કે પીએસી કેગના રિપોર્ટની તપાસ કરશે જ્યારે એવું લખાયું છે કે પીએસી કેગનો રીપોર્ટ તપાસી ચુકી છે.કેન્દ્ર તેને ટાઈપીંગ ભુલ ગણાવી રહી છે.

કેન્દ્રે તેની પીટીશનમાં જણાવ્યુ છે કેસુપ્રીમ કોર્ટે તેણે આપેલા સીલબંધ કવરમાં ઉલ્લેખ કરાયેલી પ્રક્રિયા અંગે ગેરસમજ કરી છે.તેણે કવરમાં ભાની વિગતો સાથે પ્રક્રિયાની જાણ કરી હતી. અને સુપ્રીમ કોર્ટ પાસેથી ખુલાસો જારી કરવાની ઈચ્છા દર્શાવી હતી.સુપ્રીમે તેના ચુકાદામાં કહ્યુ હતું કે તેની સામે મુકવામાં આવેલા મેટિરિયલમાં દેખાય છે કે કેન્દ્ર સરકાર રફાલ ફાઈટર જેટના ભાવની વિગતો સંસદમાં જાહેર કરી નહોતી પરંતુ સરકારના ઓડિટરને તેની જાણ કરી હતી.

કોગ્રેસે રફાલ ડીલ અંગે કેગ રિપોર્ટ અંગે ખોટી હકીકતો રજુ કરીને સુપ્રીમ કોર્ટને ગેરમાર્ગે દોરવાનો આક્ષેપ કર્યો છે.અને તેણે માંગણી કરી છે કે સરકારે તેની માંફી માંગવી જોઈએ.

પીએસીના વડા અને કોગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યુ હતું કે સરકાર સુપ્રીમમાં ખોટું બોલી છે કે કેગનો રીપોર્ટ ગૃહ અને પીએસીમાં રજુ કરાયો હતો.અને પીએસીએ તેની તપાસ કરી હતી.સરકાર સુપ્રીમમાં બોલી હતી કે તે રિપોર્ટ જાહેર કરાયો છે. એ ક્યાં છે ? શું તમે જોયો છે ?

હવે પીએસીના વડા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યુ છે કે તેઓ પેનલના તમામ સભ્યોને અનુરોધ કરશે કે તેઓ એટર્ની જનરલ અને કેગને બોલાવે અને પુછે કે પબ્લીક ઓટિટરનો રિપોર્ટ સંસદમાં ક્યારે મુકાયો ?

કપિલ સિબ્બલે કહ્યુ હતું કે સરકારે કઈ કંપનીને કોન્ટ્રાકટ્ અપાયો છે તે અંગે પણ સુપ્રીમમાં ખોટી રજુઆત કરી છે

હવે સુપ્રીમ કોર્ટે આ બાબતે કોણે ખોટી માહિતી આપી તેની જાંચ પડતાલ કરવી જોઈએ અને ખોટા તથ્યો મુકનારને સજા કરવી જોઈએ.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

નવક્રાન્તિ સાપ્તાહિક
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૯-

Merry Christmas and Happy New year

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઇ શકાશે

# નવક્રાંતિ

કેન્દ્રીય નાણાંમંત્રી અરુણ જેટલીએ અંદાજપત્રની ખાધ પુરવા માટે સરકારને રિઝર્વ બેન્ક પાસેના સરપ્લસ ભંડોળમાંથી નાણાંની જરુર નથી તેવું કહ્યુ હતું પરંતુ તેના બીજા દિવસે આર્થિક બાબતોના સચિવ સુભાષચંદ્ર ગર્ગે જણાવ્યુ હતું કે સરકાર રિઝર્વ બેન્ક પાસે વચગાળાના ડિવિડન્ડની માંગ કરશે.ગર્ગે એમ જણાવ્યુ હતું કે રિઝર્વ બેન્ક પાસે કેટલા પ્રમાણમાં ભંડોળ હોવું જોઈએ તે નક્કી કરવા માટે રચાયેલી સમિતિ પણ આ મામલે સહમત થઈ છે. પીએચડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા આયોજીત સમારંભમાં પત્રકારોએ કરેલા સવાલોના જવાબ આપતાં ગર્ગે કહ્યુ હતું કે સરકાર રિઝર્વ બેન્ક પાસે વચગાળાના ડિવિડન્ડની માંગ કરશે.જુલાઈ ૨૦૧૭ જુ૨૦૧૮ માટે રિઝર્વ બેન્કે સરકારને ડિવિડન્ડ પેટે ૫૦૦ અબજ ચુકવ્યા છે.જેમાના ૧૦૦ અબજ રુપીયા ૧૭-૧૮નું નાણાંકીય વર્ષ પુરુ થાય તેના થોડા દિવસ પહેલા જ સરકારને ચુકવાયા હતા.જેથી અંદાજપત્રીય ખાધ ઘટાડી શકાય.સરકાર અત્યારે તીવ્ર નાણાં ખેચનો સામનો કરી રહી છે.વેપાર અને અંદાજપત્રીય ખાધ વધી રહી હોવાથી સરકારની નજર રિઝર્વ બેન્ક પાસે રહેલા સરપ્લસ ભંડોળ પર છે.સરકાર રિઝર્વ બેન્ક પાસેથી તેના સરપ્લસ ભંડોળમોંથી રુ.સાડાત્રણ લાખ કરોડ માંગી રહી છે અને તેનો ઈન્કાર કરવામાં આવ્યો છે.આ પરિસ્થિતિને કારણે આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલે રાજી નામુ આપ્યુ હોવાનુ કહેવાય છે.

નવેમ્બરમાં નોટબંધી દાખલ કરાઈ ત્યારે પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે ચેતવણી ઉચ્ચારી હતી કે નોટબંધીને કારણે જીડીપીમાં બે ટકાનો ઘટાડો થશે અને અર્થતંત્રને નુંકશાન વેઠવું પડશે.હવે આ બધી પરિસ્થિતિમાં નાણામંત્રી તેમના ઉપાય તરીકે રિઝર્વ બેન્કની સરપ્લસ મુડી વાપરવા માંગે છે.આવનાર દિવસોમાં મોટા પ્રોજેકટોને લોનો આપવા માટે બેન્કોમાં મુડી ઠાલવવા માંગે છે. કેટલાક મોટા ઊદ્યોગો જે સંરક્ષણ ક્ષેત્રમાં ઉત્પાદન સાથે જોડાવાના છે તેમને નાણાંકીય સ્રોતોની તાતી જરુરીયાત છે.સરકાર તેમના વ્હાલા દવલાઓને નાણાં આપવા માટે પોતાની સત્તાનો ઉપયોગ કરીને રીઝર્વ બેન્કનું ગળુ દબાવવાનો પ્રયત્ન કરી રહી છે જે અર્થતંત્રને ડુબાડી દેશે.

## મંતવ્ય

આજકાલ ફેશન થઈ પડી છે કે ધાર્મિક નેતાઓના ધર્મ બદલવા, જેમકે કોઈ દલિતના છે,તો કોઈ તેમને મુસ્લીમ કહેવડાવાનો પ્રયત્ન કરે.માત્ર ધમાંધતાને કારણે જુદા જુદા નિવેદનો કરીને પ્રજામાં ગેરસમજો ફેલાવવાની તરકીબો કેટલીક રાજકીય પાર્ટીના નેતાઓ કરી રહ્યા છે.તાજેતરમાં એક સમાચારે દેશમાં કોઈ આક્રોશ જન્માવ્યો હોય તેવું લાગ્યું નહી. ઘાનાની યુની.ના વિદ્યાર્થીઓએ આંદોલન કર્યુ કે તેમના ત્યાં મુકાયેલી ગાંધીજીની પ્રતિમાને ખસેડી લેવામાં આવે. આપણે ત્યાં વિવિધ નેતાઓની પ્રતિમાઓ મુકવાનો દોર ચાલતો રહ્યો છે.તાજેતરમાં સરદાર પછી શિવાજી અને ત્યાર બાદ રામજીની પ્રતિમાઓ મુકાશે.ગાંધીજીનું વિદેશમાં આટલી હદે અપમાન થાય ત્યારે આ દેશમાં વિદ્યાર્થી નેતાઓ આ બાબતે વામણાં પુરવાર થયા તેમ લાગે છે. છાશવારે એકબીજાને રાષ્ટ્રદ્રોહ જેવી લેબલો લગાવવાની કસરતોમાં મચ્યા રહેનારા અને જેને રાજકીય ચળવળ કહેવડાનારાઓને માટે આ શરમજનક બાબત નથી લાગતી ? ગાંધીજીને વિશ્વને અહિંસાના માર્ગે ચળવળ કેમ ચલાવીને જીત મેળવાય તે શીખવાડ્યું પરંતુ આપણે તે શીખ્યા નથી. રમેશ પી. ખાનકર




## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# રિઝર્વ બેન્કમાં સબ સલામત નથી: ગર્વનર ઉર્જિત પટેલે રાજીનામું આપ્યું

છેલ્લા કેટલાક સમયથી સરકાર સાથેના મતભેદો ચાલી રહ્યા હતા અને તેના કારણે આરબીઆઈના ગર્વનર ઉર્જિત પટેલ રાજીનામું આપશે તેવી અફવાઓથી બજાર ગરમ હતું. અને આખરે તેમનું રાજીનામું આવી પડ્યું.૨૮ વર્ષ પછી પહેલી વાર આરબીઆઈના ગર્વનરે તેમનો કાર્યકાળ પુરો થાય તે પહેલાં રાજીનામું ધરી દીધું.સરકાર માટે કહેવાતા આંચકા સમાન ઘટના નથી.કારણકે સરકારની સાથેના મતભેદો ઉકેલાય તેવા નહોતા અને સરકારને હાજી હામાં હાજી કરે તેવો વ્યક્તિજ જોઈતો હતો. સરકારને રિઝર્વ બેન્કનું ભંડોળ વાપરવા માટે જોઈએ છે અને છેલ્લા સાડાચાર વર્ષમાં થયેલા આર્થિક પાયમાલીને છેલ્લા થોડાક મહિનાઓમાં મોટી મોટી યોજનાઓ જાહેર કરીને પાછું સત્તામાં આવવા માટે કામ કરવું છે.પરંતુ તે બાબત ઉર્જિત પટેલના હોદ્દા પર રહેવાથી શક્ય બની શકે તેમ નહોતી.જો કે તેમણે કાર્યભારમાંથી હટી જવા માટે પોતાનું અંગત કારણ દર્શાવ્યું છે પરંતુ મોટા હોદાઓ જ્યારે ત્યાગવા પડે ત્યારે આવા બહાના બતાવા પડે છે.સરકાર અને આરબીઆઈના ગર્વનર વચ્ચે સર્જાયેલા મતભેદોનો ઉકેલ લાવવા માટે થોડા દિવસ પહેલાં આરબીઆઈ બોર્ડની બેઠક બોલાવાઈ હતી. જેમાં કેટલાક મુદ્દાઓ ઉકેલવાની દિશામાં આગળ વધવાના સંકેતો મળતા હતા.પણ આખરે આ ફોર્મ્યુલા નિષ્ફળ ગઈ. થોડા દિવસો બાદ ફરી આરબીઆઈની બેઠક મળવાની છે ત્યારે તે પહેલાં ઉર્જિત પટેલે રાજીનામું આપ્યું છે.દેશના ઈતિહાસમાં ૨૮ વર્ષ પછી આ ઘટના ઘટી છે.રુ.૨૦૦ અને રુ.૨૦૦૦ની ચલણી નટો ભારતની ઈકોનોમીમાં પહેલી વાર ચલણમાં મુકાઈ.જેમા ઉર્જિત પટેલની સહીઓ હતી.

આરબીઆઈમાં જે કંઈ ચાલી રહ્યું છે તે સરકાર માટે ખતરાની ઘંટી વગાડે છે.બે વર્ષ પહેલાં તત્કાલિન ગર્વનર રઘુરામ રાજને નોટબંધીના સરકારના નિર્ણયના વિરોધમાં તેમજ અન્ય મતભેદોને કારણે રાજીનામું આપ્યું હતું.નીતિ આયોગમાં શ્રી અરવિંદ પનગઢિયા અને બે ત્રણ મહિના પહેલાં સરકારના મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમે પણ રાજીનામું આપ્યું છે.હવે ઉર્જિત પટેલ પણ આ કલબમાં જોડાઈ ગયા છે.સરકારના હઠાગ્રહોને કારણે આ મહાનુભાવોએ રાજીનામું આપવાનું પસંદ કર્યુ છે. રાજીનામું પાછળના કેટલાક મુદ્દાઓમાં તેઓની અસહમતી હતી.

રાજકોષીય ખાધને અંકુશમાં રાખવા આરબીઆઈ બેન્ક પાસેથી કેશ રિઝર્વમાંથી રુ.૩.૬૦લાખ કરોડ સરકારને આપવા જેનો અમલ કરવા આરબીઆઈના ગર્વનરે ઈન્કાર કર્યો હતો.

બેન્કોને એનપીએમાંથી બચાવવા બેકોમાં વધુ મુડી ઠાલવવી. જેનો આશિક અમલ કરવા આરબીઆઈ સંમત થઈદેશની હાઉસીંગ અને નોનબેન્કીંગ ફાઈનાન્સ કંપનીઓને બચાવવા નાણાંબજારમાં વધુ નાંણા ઠાલવીને નાણાંની પ્રવાહિતા વધારવી, જેનો અમલ કરવા આરબીઆઈ સંમત નહોતી.

આરબીઆઈ બોર્ડમાં સરકારના નોમિનેટ સભ્યોની સંખ્યા વધારવાની માંગણી.જે યોગ્ય નથી જ..સરકાર માટે હવે પરિસ્થિતિ વિકટ બનશે.આ પહેલાં સરકારે તેમના કેટલાક સભ્યોને બોર્ડમાં નોમિનેટ કર્યા છે અને હવે તેમની બહુમતી થાય તેમ કરવા ઈચ્છે છે જેથી તેમની મરજી મુજબ જ આરબીઆઈ વર્તે.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



## સુશાસનના પ્રણેતા અટલજીના જન્મદિવસે કોટિ કોટિ વંદન

## સતત ૨૩ વર્ષના વિકાસની અવિરત ધારા....

**વર્ષ એક : જનહિતના નિર્ણયો અનેક**

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રુપાણીના નેતૃત્વ હેઠળ પારદર્શક,સંવેદનશીલ,નિર્ણાયક અને પ્રગતિશીલ સરકારના પ્રજાલક્ષી સુશાસનનું એક વર્ષ પુરુ**

**૧૨૫ એમ.એમ. વરસાદના નિયમને બદલી ૩૫૦ એમ.એમ.થી ઓછા વરસાદવાળા ૯૬ તાલુકાઓને અછતગ્રસ્ત જાહેર કરી રૂ.૧૩૦૦ કરોડના ખાસ સહાય પેકેજ સાથે પ્રજાની પડખે ઉભી સરકાર :૧૩ લાખથી વધુ ખેડુતોને મળશે સહાય**

**૭૫૦૦૦ યુવાનોને મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના દ્વારા રોજગારી : વધુ ૪ લાખ યુવાઓને રોજગાર મેળા દ્વારા નોકરીનું આયોજન**

**વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા ૧૮૨ મીટર સ્ટેચ્યુ ઓફ યુનીટીના માધ્યમથી વિશ્વના નકશામાં ગુજરાતને મળ્યું સર્વોચ્ચ સ્થાનઃ પ્રવાસન પ્રવૃત્તિ સાથે વનબંધુઓનું થશે સશક્તિકરણ**

**૪૨ લાખ પરિવારોને મા-અમૃતમ અને મા વાત્સલ્ય યોજના દ્વારા આપી રૂ.૨૦૦૦કરોડની આરોગ્યલક્ષી સહાય**

**જીઆઇડીસી અને પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા નાના ઉદ્યોગોને પડતી પારાવાર મુશ્કેલીઓનો હવે અંત : ૧૨ મહત્વના નિર્ણયો દ્વારા નાના ઊદ્યોગો વધુ ખીલશે.**

**દરિયાના ખારા પાણીને મીઠુ બનાવવા એક વર્ષમાં ૬ ડિસેલીનેશનના પ્લાન્ટના ટેન્ડરો બહાર પડાયા**

**ગરીબ અને ઝુંપડપટ્ટીમાં વસતા અને નાના ખેડુતોને પડતી મુશ્કેલીઓ દુર કરવા વિજળીના બીલના દંડની રકમમાંથી છ લાખ ગ્રાહકોને મુક્તિ આપી.**

**ગુજરાતની ધરતી પર જીવતાં પશુ-પક્ષીઓની હવે નિકાસ નહીં થાય. તમામ પશુ પક્ષીઓને ગુજરાત સરકારનું અભયદાન**

**ઘોઘા-દહેજ વચ્ચે રો-પેક્ષ ફેરીસેવાથી સુરત,ભાવનગર જવા આવવા સમય,ઇંધણ,પૈસાની થશે અભુતપુર્વ બચત**

**સ્કાય( સુર્ય શક્તિ કિસાન યોજના) દ્વારા ખેડુત વીજળી ખરીદનાર નહી પરતું વીજળી વેચનાર બનશે**

**બિન-અનામત વર્ગના યુવાઓની કારકીર્દી ઉજ્જવળ બને તે માટે બિન અનામત વર્ગ આયોગ અને બિન-અનામત વર્ગ નિગમની કામગીરીમાં અસરકારક તેજ ગતિ**

**દુષ્કાળએ ભુતકાળ બને એ માટે ૪૧ હેકટર જમીનને નર્મદા યોજનાનો લાભ**

**સેવાસેતુના કાર્યક્રમ દ્વારા ૧ કરોડ ૬૦ લાખથી વધુ નાના અને ગરીબ માણસોના પ્રશ્નોનો ઘરઆંગણે ઉકેલ**

**બિનખેતી(એનએ)પ્રક્રિયા થઇ ઓનલાઇનઃ જેનાથી ભ્રષ્ટાચાર અને વચેટીયાઓની નાબુદી**

**રેલ્વે યુની.અને સ્પોર્ટસ યુની.ની સ્થાપના :ઓર્ગેનીક યુની. માટે જમીનની ફાળવણી**

**ભ્રષ્ટારચારની બદીને નાથવા મકકમ પગલાં : એક વર્ષમાં ૭૧૦ અધિકારી - કર્મચારી ઝડપાયા.**

**શહેરોનો ઝડપી વિકાસ અને આધુનિક વિકાસ માટે એક જ વર્ષમાં ૧૦૦ ટીપી સ્કીમ અને ૧૦ ડીપી સ્કીમ મંજુર**

**મુખ્યમંત્રીશ્રીએ ૮૫,૦૦૦ કી.મી.નો પ્રવાસ ખેડી ૫૩૧ કાર્યક્રમોમાં હાજરી આપી.**

**૩૦૦થી વધુ સરકારી મીટીંગ યોજી ૩૦૦થી વધુ લીધા જનહિતના નિર્ણયો**

**રાજ્ય સરકારે ગુજરાતને અનેક દિશાઓમાં વિકાસ સાધ્યો છે. : - નીતિનભાઇ પટેલ ,નાયબ મુખ્યમંત્રી,ગુજરાત**

# સિમ્પસન મેમોરીયલ ચર્ચ,જમાલપુર,અમદાવાદ ખાતે ડો. એ.બી.સિમ્પસનની ૧૭૫મી જન્મ જયંતિ અને ગુજરાત અલાયન્સની સ્થાપનાના ૧૨૫માં વર્ષની ઉજવણી કરવામાં આવી






## સિમ્પસન મેમોરીયલ ચર્ચ,જમાલપુર,અમદાવાદ

ખાતે અલાયન્સ મીશનના સ્થાપક ડો.એ.બી.સિમ્પસનની ૧૭૫મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. સાથે સાથે ગુજરાત અલાયન્સની સ્થાપનાની ૧૨૫ વર્ષની ઉજવણી પણ કરવામાં આવી હતી. સિમ્પસન મેમોરીયલ ખાતે અલાયન્સની વિવિધ મંડળીઓના પાળકો અને સભાસદો આ પ્રસંગે ઉજવણીમાં ભાગ લેવા આવ્યા હતા.સીએનઆઈના બિશપ સિલ્વાન્સ સાહેબ પણ આ ઉજવણીના કાર્યક્રમમાં ભાગ લેવા પધાર્યા હતા.આ પ્રસંગે વિવિધ પાળકોએ પોતાના પ્રવચનો આપ્યા હતા. વિશેષ વક્તા તરીકે શ્રી સેમ્યુલભાઈએ પોતાનું પ્રવચન આપ્યું હતું. અલાયન્સનો ઈતિહાસ જોઈએ તો સને ૧૮૮૭માં ઓલ્ડ ઓચાર્ડમાં ધી ક્રિશ્ચિયન અલાયન્સની સ્થાપના થઇ હતી. તે સમયે સંસ્થાના સભ્ય થવા ઈચ્છનારે વિશ્વાસનામાની કબુલાત પર સહી કરવાની હતી.આજે વિશ્વમાં લગભગ ૮૦ જેટલા દેશોમાં અલાયન્સ મિશનની કામગીરી ચાલે છે. ભારતમાં ધ ક્રિશ્ચિયન એન્ડ મીશનરી અલાયન્સ ોફ ઈન્ડીયાના નામે સંસ્થા ચાલી રહેલ છે.ગુજરાતમાં અલાયન્સની ચાલતી પ્રવૃત્તિઓ અને મંડળીઓ અંગે પણ વિસ્તારથી શ્રોતાગણને વિગતો આપવામાં આવી હતી.હાલમા ગુજરાત અલાયન્સના જે સેવા કાર્યો ચાલી રહ્યા છે તેમાં (૧) જીવન પ્રકાશ (૨)જીવન સાહિત્ય ભંડાર (૩) ધોળકા છાત્રાલય(૪) અલાયન્સ ચર્ચ ફેલોશીપ(૫) અલાયન્સ ફોન્ફરન્સ સેન્ટર(૬)જીવન સન્માર્ગ(૭)અલાયન્સ ચર્ચ મિશનરી મુવમેન્ટ(૮) અલાયન્સ ચર્ચ સન્ડેસ્કુલ એસોશીએશન(૯) અલાયન્સ મહિલા વિંગ.

ઉપરોક્ત પ્રસંગોની ઉજવણીમાં સિમ્પસન મેમોરીય ચર્ચના પાળક શ્રી સોલોમન ટી ક્રિશ્ચિયન(સિનડ પ્રમુખ) ચર્ચના પંચ કમિટીના સભ્યો ,સિનડ કમિટિના મા.સભ્યશ્રીઓ,ગુજરાત અલાયન્સની મંડળીઓના પાળકગણ વિગેરેએ આ પ્રસંગને દીપાવ્યો હતો. ચર્ચમાં ઉજવાયેલા આ પ્રસંગની આભારવિધિ સિનડ કમિટીના સેક્ટરીશ્રી દ્વારા કરવામાં આવી હતી.આ પ્રસંગે ઉપસ્થિત તમામ મહેમાનો અને અલાયન્સના સભાસદોને ભોજન પીરસવામાં આવ્યું હતું.વિશ્વભરમાં ફેલાયેલા ડો.એ.બી.સિમ્પસનના ૧૭૫માં વર્ષની ઉજવણી ગુજરાત અલાયન્સે કરી છે તે નોધનીય બાબત છે.જો ખરેખર ડો.એ.બી.સિમ્પસન સાહેબ ગુજરાતમાં આવ્યા ન હોત તો આજે આપણુ ગુજરાત અલાયન્સ મિશનના સહભાગી તરીકે આપણુ અસ્તીત્વ જ ના હોત. આભાર માનીએ કે ડો.એ.બી.સિમ્પસન સાહેબે ગુજરાતને તેમના મિશનરી કાર્ય માટે પસંદ કર્યુ.

ગુજરાતમાં અલાયન્સ મિશનના મિશનરી તરીકે સેવાઓ આપનારા કેટલાક મિશનરીઓની સેવાઓને આ સમયે બિરદાવવામાં આવી હતી.તેમાં શ્રી પોલ મોરીસ સાહેબ,,ગેરીસન સાહેબ, ,જેકોબર સાહેબ, હેગન સાહેબ,કોસ સાહેબ, એન્ડઝ સાહેબ,મીસ બ્યુઝ,મીસ બરલી, વિગેરેએ ગુજરાતમાં મિશનરી કામ કરીને અલાયન્સની સુવાસ ફેલાવી હતી.આજે વિદેશી મિશનરીઓ નથી અને દેશી મિશનરીઓ કાર્ય કરી રહ્યા છે.હજુ આપણા ગુજરાતમાં ઘણુ કામ કરવાનું બાકી છે જેમાં આપણે સહુએ ડો.સિમ્પસન સાહેબનું સપનું પુરુ કરવાનું છે.

ડો.એ.બી.સિમ્પસન સાહેબનો ફોટો આ સાથે મુકવામાં આવ્યો છે અને તેમની સામેની બાજુએ સિમ્પસન મેમોરીયલ ચર્ચ,જમાલપુરનો ફોટો મુકવામાં આવ્યો છે. જયા ડો.એ.બી.સિમ્પસન સાહેબની ૧૭૫મી જન્મ જયંતી ઉજવાઈ અને આ એ સ્થળ છે જયાં ગુજરાત અલાયન્સની સ્થાપનાની ૧૨૫ વર્ષ પુરા કર્યાની ઉજવણી કરવામાં આવી.

અલાયન્સની ચળવળનો હેતુ એ હતો કે સમગ્ર વિસ્તારમાં સુવાર્તાનો ફેલાવો થાય.આધ્યાત્મિક જીવનને પ્રોત્સાહન મળે,સમાજથી તરછોડાયેલા લોકોને સુવાર્તા આપવા વ્યવહારિક રીતોને અમલમાં મુકવાનો હેતુ હતો.ગુજરાત અલાયન્સમાં મિશનરી તરીકે પરદેશી મિશનરીઓએ અમુલ્ય સેવાઓ આપી હતી.અને તેમની સેવાઓને કારણે અલાયન્સની ચળવળને વધારે મજબુતાઇ અને સ્થિરતા મળી હતી.




# સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં તમામ આરોપીઓ દોષમુક્ત

સોહરાબુદ્દીન શેખ, કૌસરબીબી, અને તેના સહયોગી તુલસી પ્રજાપતિના કથિત બનાવટી એન્કાઉન્ટર કેસમાં સીબીઆઈની કોર્ટે તમામ આરોપીઓને દોષમુક્ત જાહેર કર્યા હતા.ખાસ કોર્ટે ૧૩ વર્ષ બાદ ચુકાદો આપ્યો હતો.અપુરતા પુરાવા અને સાક્ષીઓનું ફરી જવું ધ્યાનમાં લઈને સીબીઆઇ જજે પોતાની દિલગીરી વ્યક્ત કરતાં તમામને નિર્દોષ સાબિત કર્યા હતા.જજ શર્માએ કહ્યુ હતું કે હું લાચાર છું આ કેસમાં જેટલા પુરાવા એકત્રિત કરવામાં આવ્યા છે અને સાક્ષીઓની જુબાની લેવામાં આવી છે તે સંતોષકારક નથી.

એક હકીકત સ્પષ્ટ છે કે સૌહરાબુદ્દીન,કૌસરબીબી,તુલસી પ્રજાપતિ અને બીજા કેટલાક લોકોનું મોત આ કેસમાં નિપજ્યું હોવાનું મનાય છે. પરંતુ સાબિત થતું નથી કે આ બધું કેમ બન્યું. જો કે જ્યારે આ બાબતોને એક કાવતરારુપે ગણવાનો કોર્ટે ઈન્કાર કર્યો હતો.તમામ પુરાવાઓમાં કોઇ દસ્તાવેજી પુરાવાઓ ઉપલબ્ધ બન્યા નથી.આ કેસમાં જેમની સામે આરોપો હતા તે પૈકી અમિત શાહ ભાજપના હાલના અધ્યક્ષ છે. પોલીસ અને રાજનેતાઓ સામે ગંભીર આરોપો હતા પરંતુ તેને સાબિત કરવામાં સીબીઆઇ ઉણીં ઉતરી છે.સીબીઆઈના જજે આ ઘટનામાં જે ત્રણ લોકોના જીવ ગયા છે તેમના માટે દિલગીરી વ્યક્ત કરી છે.આ પહેલા આ કેસના જજ લોઘાને તમામને નિર્દોષ છોડવા માટે મોટી રકમની ઓફર થઇ હતી.જેમણે દિલગીરી વ્યક્ત ના કરી અને આખરે તેમને હાર્ટ એટેક આવ્યો.તેઓ ફાની દુનિયા છોડી ગયા.

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.